## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મીસ્ત્રી અહીં દિવાલમાં ત્રાંસુ પાટીયું ફીટ કરી દો... હું મોદીજીનો ફેન છું... કાલથી તેમની જેમ ધ્યાન લગાવવાનો છું...

# પુન્દ્રાસણની સીમમાં વિદ્યુતનગર ટાઉનશીપમાં કરોડોનું કૌંભાડ

## ૧૨૦૦ સભાસદોને પ્લોટ નહી ફાળવી રૂ.૧૨૦ કરોડ ખંખેર્યા, એક સભાસદે છેંતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવતા તપાસનો ધમધમાટ, રૂપીયા ભર્યા છતા સમય મર્યાદામાં પ્લોટ ન મળતા અરજદારોમાં રોષની લાગણી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામની સીમમાં વર્ષ ૨૦૧૧માં વિદ્યુતનગર ટાઉનશીપ (સુચીત) ઉભી કરવા માટે જાહેરાત કરાઈ હતી. વિદ્યુતનગર ટાઉનશીપ ઉભી કરવા માટે પેમ્ફલેટ છપાવવામાં આવ્યા હતા. જેમાં ટાઉનશીપના સભાસદોને ૧૧૦,૧૨૦,૧૪૦, અને ૨૦૦ ચોરસ વારના પ્લોટ આપવાનું નક્કી કરાયું હતું. દરેક સભાસદ પાસેથી રૂ.૯ થી ૧૧ લાખ ચેક તેમજ રોકડથી મેળવી તમામને સભાસદોને એલોટમેન્ટ લેટર તથા નાણા સ્વીકાર કર્યાની પાવતી આપી હતી. ૧૨૦૦ જેટલા સભાસદોના અંદાજીત રૂ.૧૨૦ કરોડ ભેગા કરીને પુન્દ્રાસણ-કોલવડા ગામની સીમમાં જમીન ખરીદી કર્યા બાદ સમય મર્યાદામાં આજદિન સુધી સભાસદોને પ્લોટ નહી ફાળવતા પેથાપુર પોલીસ મથકમાં અજીતસિંહ નાગજીભાઈ ભટ્ટીએ ૬ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ નોંધાવતા પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. પોલીસે આરોપીની અટકાયત કરીને આરોપીને કોર્ટમાં રજુ કરતા કોર્ટે તા.૨૭ સુધીના રીમાન્ડ મંજુર કર્યા છે. જયારે આરોપીને કોર્ટમાં રજુ કરાયો ત્યારે કોર્ટ બહાર ૧૦૦ થી વધુ અરજદારો હાજર રહ્યા હતા.

પેથાપુર પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૦ પ્લોટ નં.૨૮૮-૪ ખાતે રહેતા અજીતસિંહ નાગજીભાઈ ભટ્ટી એ પેથાપુર પોલીસ મથકમાં નોંધાયેલી ફરીયાદ મુજબ ગાંધીનગર નજીક પુન્દ્રાસણ ગામની સીમમાં કેશરીસિંહ શિવસિંહ ચૌહાણ, સરોપકુવરબા ઉર્ફે સ્વરૂપબા ડોટર ઓફ રૂઘનાથસિંહ કુંપાવત કુલદીપસિંહ કેશરીસિંહ ચૌહાણ રહે. ૯૬ ઉર્જાનગર સોસાયટી,કોબા રોડ રાંદેસણ તાજી.ગાંધીનગર, અશોકભાઈ ભવાનભાઈ પટેલ, કેયુર ભવાનભાઈ પટેલ, રહે.સે-૮બી, પ્લોટ નં. ૪૦૩ અને પ્રવિણ ભીખાભાઈ પાનસરીયા રહે.૪ આરાધના સોસાયટી ધુમારોડ બોપલ અમદાવાદ બધા ભેગા મળીને વિદ્યુતનગર ટાઉનશીપ ઉભી કરવા વર્ષ -૨૦૧૧ માં પેમ્ફલેટ છપાવી જાહેરાત કરી હતી. જે માટે રજી.નં.યુ.-૪૫૨૦૦જી.જે.૨૦૧૧ પીટીસી ૦૬૭૮૬૪ (૨૦૧૧-૧૨), ૨૨૦ સ્વાગત રેઈન ફોરેસ્ટ કુડાસણ ખાતે ફોન નં. ૦૭૯ - ૨૩૬૦૦૦૩૬૪ થી વિદ્યુતનગર ટાઉશીપ પ્રા.લી. રજીસ્ટ્રેશ કરાવી હતી. વાવોલ-પુન્દ્રાસણ અને ધણપ-નરોડા ખાતે વિદ્યુતનગર ટાઉનશીપ ની જાહેરાત આપી હતી. જેમાં ૧૧૦,૧૨૦,૧૪૦, અને ૨૦૦ વારના પ્લોટની સ્કીમ હતી. દરેક સભાસદ પાસેથી પ્રથમ સભાસદ નોંધણી પેટે રૂ.૧૧૦૦૦ લેવામાં આવ્યા હતા.ત્યારબાદ પ્લોટ પ્રમાણે રૂ. ૯ થી ૧૧ લાખ સભાસદો પાસેથી ખંખેરવામાં આવ્યા હતા. અંદાજીત ૧૨૦૦ જેટલા સભાસદો પાસેથી વિદ્યુતનગરની ટાઉનશીપ (સુચીત)ના નામે રૂ. ૯ થી ૧૧ લાખ રોકડા તેમજ ચેકથી મેળવી(એ.બી.ટેકનોબિલ્ડ પ્રા.લિ.) પ્રોવિઝનલ એલોટમેન્ટ લેટર સહી કરીને આપ્યા હતા અને નાણા સ્વીકાર્યાની પાવતી આપી હતી. વર્ષ ૨૦૧૧થી આજ દિન સુધી સભાસદોને નક્કી કર્યા મુજબ સમય મર્યાદામાં પ્લોટ આપવામાં આવ્યા નથી. જેથી અંદાજીત ૧૨૦૦ સભાસદોના અંદાજીત રૂ.૧૨૦ કરોડ રૂપીયાનું કૌંભાડ આચર્યુ છે. ફરીયાદીએ રૂ. ૧૧,૯૧,૦૦૦ રોકડા આપ્યા છતા પ્લોટ નહી મળતા પેથાપુર પોલીસ મથકમાં છેંતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવતા પીએસઆઈ એ.જી.એનુરકરે અશોકભાઈ ભવાનભાઈ પટેલ અને પ્રવિણભાઈ ભીખાભાઈ પાનસરીયાની અટકાયત કરી છે. પોલીસે અશોકભાઈ પટેલને કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા તા. ૨૭ મી સુધીના રીમાન્ડ મંજુર થયા છે. જયારે કોર્ટની બહાર પોલીસ કૌંભાડીને લાવતા ૧૦૦ જેટલા અરજદાર એકઠા થઈ ગયા હતા.



# ચોરી થયેલા મેસ્ટ્રો સાથે ઈસમને એલસીબીએ પકડી પાડ્યો

આજથી ત્રણ વર્ષ અગાઉ વિજાપુર ખાતેથી ચોરી થયેલા મેસ્ટ્રો સ્કુટર સાથે એક ઈસમને માણસા રીદ્રોલ તરફ જતા માર્ગ પરથી ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડ્યો છે.પોલીસે આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એલસીબી પીએસઆઈ



વાય.જે.રાઠોડ અને ટીમના સભ્યો એ.એસ.આઈ. હજારીસિંહ ઘીસાસિંહ, અ. હે.કો. ભવાનસિંહ પૃથ્વીસિંહ, હરીભાઈ ડુંગરભાઈ, વુ. હે. કો. જાગૃતિબા ખુમાનસિંહ, પો.કો. હસમુખભાઈ હેમુભાઈ માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ભવાન સિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે માણસાથી રીદ્રોલ જતા માર્ગ પર આવેલ પટેલવાડીની બાજુમાંથી ચોરીના મેસ્ટ્રો સ્કુટર સાથે જીતેન્દ્રસિંહ તખુજી વાઘેલા રહે.ખોરજ ડાભી, મનહરનગર, તા.કલોલ, જી.ગાંધીનગરને પકડી પાડ્યો હતો. પોલીસે સ્કુટર અંગે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આ મેસ્ટ્રો વિજાપુર ખાતેથી ત્રણ વર્ષ અગાઉ ચોરી કર્યાનું જણાવ્યું હતું.

# આજે પાણી-પર્યાવરણ સંરક્ષણ સેમિનાર

જનહિત ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા ગુજરાતની જળ સમસ્યાને યુદ્ધના ધોરણે ઉકેલવા માટે વરસાદી પાણીના સંચય-સંગ્રહ, પાણી બચાવવા તેમજ પર્યાવરણને સાચવવા સઘન વૃક્ષારોપણ કરવા માટે જનજાગૃતિ લાવવાના ભાગરૂપે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અતુલ ભાવસાર દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું સેમિનાર ૨૦ મે ને સોમવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે પંચાલ મિલન મંદિર, અન્ડરબ્રિજ પાસે, શાહીબાગ, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. કેન્દ્રીય મંત્રી પુરષોત્તમ રૂપાલા, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસ, ભરત બારોટ, જાણીતા પત્રકાર વિદ્યુત જોષી, મુદિતા વિદ્રોહી, કમલેશ પટેલ અને જિજ્ઞેશ પટેલ જળસંચય અને જળસંગ્રહ તેમજ પર્યાવરણ વિષયે આ સેમિનાર અંતર્ગત વક્તવ્ય આપી રહ્યા છે.

# અપહરણના કેસમાં પાંચ વર્ષથી નાસતા-ફરતા આરોપીને એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એલસીબીની ટીમ જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તેદરમિયાન કલોલ પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણ તેમજ બળાત્કારના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતા-ફરતા આરોપી રામ પ્રકાશ તુફાનીભાઈ પાસવાન ઉંવ.૨૩ રહે.છજવાબલીયા ગામ, પોસ્ટ હુસેનગંજ, થાના આનદર, જી.શીવાંન બિહારવાળાને કલોલ સિંદબાદ ત્રણ રસ્તા પાસેથી ગાંધીનગ એલસીબી ટીમના જવાનોએ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ હાલમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ડ્રાઈવ રાખવામાં આવી છે. ડ્રાઈવ અંતર્ગત જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ ગાંધીનગર જિલ્લા ઉપરાંત અન્ય શહેર-જિલ્લાના ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા એલસીબીને સુચના આપી હતી. જેને પગલે એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો અ.હે.કો. લતીફખાન, અ.પો.કો. રાજવીરસિંહ, અનોપસિંહ જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અ.પો.કો રાજવિરસિંહને બાતમી મળી હતી કે કલોલ શહેર પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણ અને બળાત્કારના ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી કલોલ સિંદબાદ ત્રણ રસ્તા પાસે ઉભો છે જેને એલસીબીના જવાનોએ પકડી પાડ્યો હતો. તેની પુછપરછ કરતા તેણે ઉપરોકત ગુનો પાંચ વર્ષ પહેલા આચર્યો હતો અને ત્યારબાદ તે કલોલ શહેરની હદ છોડી નાસી ગયો હતો. જેથી કલોલ આવતા તેને પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



**ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સાદરા જક્ષણી માતાજીના મંદિરે**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલ સુપ્રસિધ્ધ સાદરા સ્થિત જક્ષણી માતાજીના મંદિરે દર્શન કરવા પધાર્યા હતા. ત્યારબાદ દર્શન કર્યા બાદ પરત ફરતા દશેલા ગામમાં રસ્તા પર ભાજપના સક્રિય આગેવાનો રમેશભાઈ ચૌધરી તથા નાથુભાઈ ચૌધરી વગેરે કાર્યકરોને જોઈ અમિતભાઈ ઉભા રહ્યા હતા અને ભાજપ કાર્યકરો દ્વારા અમિતભાઈ શાહને ખેસ પહેરાવી, મોં મીઠું કરાવી તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ગુજરાતના ચીફ સેક્રેટરી કોણ: જેએન સિંઘના એક્સટેન્સન વચ્ચે પાંચ IAS ઓફિસરો રેસમાં

## એક પંડિતે કહ્યું હતું કે-- જો ખેડૂતો દુખી હશે તો આપણે સુખી નહીં થઇ શકીએ

## હેલ્થ વિભાગની કચેરી સામે શાક બજારમાં પ્લાસ્ટીક બેગનો બિન્દાસ વપરાશ

## વય નિવૃત્તિની મોસમ IPS ઓફિસરોમાં પણ છે પરંતુ IAS કેડર કરતાં ધીમી છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત સરકારમાં ચીફ સેક્રેટરી (વહીવટી વડા) નો તાજ કોને મળશે તેની ચર્ચાએ સચિવાલયમાં જોર પકડ્યું છે. ડો, જગદીપ નારાયણ સિંઘનું સ્થાન કોણ લેશે તેવા સવાલ પર પાંચ નામો સપાટી પર આવ્યા છે. રાજ્યના ચીફ સેક્રેટરી ડો. જેએન સિંઘ ૩૧મી મે ના રોજ વયનિવૃત્ત થઈ રહ્યાં છે. એવું કહેવાય છે કે ગુજરાત સરકારની ભલામણના આધારે કેન્દ્ર સરકાર ડો. જેએન સિંઘ ને ત્રણ કે છ મહિનાનું એક્સટેન્શન આપી શકે છે. જો તેમ થાય તો સિનિયોરિટીમાં આવતા સુજીત ગુલાટી, પીકે ગેરા, સંજય પ્રસાદ અને ગિરીશચંદ્ર મુર્મુ માટે ચીફ સેક્રેટરી બની શકશે નહીં. આ સંજોગોમાં સિનિયોરિટી પ્રમાણે જો પસંદગી થાય તો ઓગષ્ટ ૨૦૨૦માં નિવૃત્ત થતા ૧૯૮૫ બેચના અનિલ મુકિમ અને એપ્રિલ ૨૦૨૦માં નિવૃત્ત થતાં અતનુ ચક્રવર્તીના ચાન્સ પ્રબળ બને છે, જો કે આ બન્ને ઓફિસરો દિલ્હીમાં ડેપ્યુટેશન પર છે તેથી ગુજરાતમાં પાછા આવવાની ખૂબ શક્યતા ઓછી છે છતાં તેમના નામની ચર્ચા સચિવાલયમાં ચાલી રહી છે. ગુજરાતમાં ફરજ બજાવતા ત્રણ બીજા ઓફિસરો આ પદ માટેની લાયકાત ધરાવે છે જેમાં ૧૯૮૪ની બેચના અરવિંદ અગ્રવાલ, ૧૯૮૫ બેચના પુનમચંદ પરમાર અને ૧૯૮૬ બેચના સંગીતાસિંઘના નામ અગ્રતાક્રમે ચર્ચાઇ રહ્યાં છે. આ ત્રણ ઓફિસરો ૨૦૨૦માં નિવૃત્ત થાય છે. ગુજરાતમાં ચીફ સેક્રેટરી પદની રેસમાં કોઈપણ ઓફિસર હોય, સરકાર ઈચ્છે તેને આ પદ પર બેસાડી શકે છે, કેમ કે ગુજરાતમાં ઘણીવાર એવું બન્યું છે કે સિનિયોરિટી નહીં પસંદગી જોવામાં આવી છે.

**ગુજરાતના પોલીસ ઓફિસરો જવાની તરફ...**

ગુજરાતના વહીવટી તંત્રમાં યુવાન ઓફિસરોની શરૂઆત થઈ છે તેમ પોલીસ ઓફિસરોમાં પણ યુવા ઓફિસરોએ કમાન સંભાળી છે. કહેવાય છે કે રાજ્યના ૭૦ ટકા આઈએએસ ઓફિસરો યંગ છે તેમ ૬૦ ટકા આઈપીએસ ઓફિસરો પણ યંગ છે. નિવૃત્તિને આરે આવેલા અધિકારીઓની જગ્યાએ નવા ઓફિસરોને પ્રમોશન મળી રહ્યાં છે અને નવા ઓફિસરોની નિયુક્તિ થઈ રહી છે. વહીવટી તંત્રમાં આવન-જાવન એ સદીઓથી શરૂ થયેલી પરંપરા છે. રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝા એપ્રિલ ૨૦૨૦ સુધી તેમના પદ પર કાયમ છે. બીજી તરફ ૨૦૧૯ના મે મહિનામાં એસએસ ત્રિવેદી અને એસએમ ખત્રી, જૂનમાં વીએમ પારગી, ઓગષ્ટમાં સતીષ કુમાર શર્મા અને ડિસેમ્બરમાં આરજે સવાણી નિવૃત્ત થાય છે. ૨૦૨૦ના વર્ષમાં રાજ્યના બીજા ૧૦ આઈપીએસ અધિકારીઓ વયનિવૃત્ત થવાના છે જેમાં ફેબ્રુઆરીમાં પ્રવિણ ગોંદિયા, માર્ચમાં એકે જાડેજા અને આરએફ સંઘાડા, મે માં એકે સુરોલિયા, જૂનમાં ડીબી વાઘેલા અને ડીએન પટેલ, સપ્ટેમ્બરમાં એકે સિંઘ અને ઓક્ટોબરમાં એકે નિનામા નિવૃત્ત થઈ રહ્યાં છે. એક સર્વેક્ષણ પ્રમાણે ઓફિસરોની નિવૃત્તિની મોસમ આઈપીએસ કરતાં આઈએએસ કેડરમાં વધારે છે.

**ગુજરાતમાં કોઇ ચીજનો પ્રતિબંધ નથી...**

ગુજરાતમાં નશાબંધી છે પણ અમલ નથી. તમાકુ પર પ્રતિબંધ છે પરંતુ પકડનાર કોઇ નથી. પ્લાસ્ટીક બેગ પર પાબંધી છે પરંતુ આરોગ્ય વિભાગ પાસે કર્મચારી નથી તેથી એવું કહી શકાય કે રાજ્યમાં કોઇ ચીજનો પ્રતિબંધ નથી. પ્લાસ્ટીક પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કર્યા પછી આરોગ્ય વિભાગમાં અમલ શરૂ નહીં થતાં ગાંધીનગરના શાકભાજી માર્કેટમાં પ્લાસ્ટીકની બેગનો બિન્દાસ વપરાશ થાય છે. અત્યંત પાતળી અને ઓછા માઈક્રોનવાળી બેગ વપરાઇ રહી છે જે આરોગ્ય માટે અતિ જોખમી છે. શહેરના સેક્ટર-૨૧ના શાકભાજી માર્કેટમાં જેટલું પ્લાસ્ટિક વપરાતું હશે તેનાથી અનેક ગણું વધારે પ્લાસ્ટીક આરોગ્ય વિભાગની કચેરીની સામેના શાકભાજી બજારમાં વપરાય છે. રાજ્યને પ્લાસ્ટીક ફ્રી અને ટોબેકો ફ્રી કરવાની જાહેરાત મુખ્યમંત્રી તરફથી કરવામાં આવેલી છે પરંતુ આ બન્ને પ્રતિબંધોની ક્યાંય અસર નથી. જ્યાંથી ગુજરાતના કાયદા બને છે ત્યાં જ આ બન્ને પ્રતિબંધનો વેપારીઓ ભંગ કરી રહ્યાં છે. આરોગ્ય વિભાગના એક અધિકારીને પૂછતાં તેમણે કહ્યું હતું કે-- પ્રતિબંધ છે પરંતુ અમારી પાસે દરોડા પાડી શકે તેટલો સ્ટાફ નથી. આ બન્ને પ્રતિબંધનો ચુસ્ત અમલ થાય તે માટે રાજ્ય સરકારે વોલિયેન્ટર યુવક અને યુવતિઓની ટીમો દોડાવવી જોઈએ. ગુજરાતે આ બન્ને પ્રતિબંધોમાં સફળ થવું હશે તો પાડોશી મહારાષ્ટ્ર રાજ્યના મોડલને અપનાવવું પડશે.

**લોકશાહી દેશમાં બે પાર્ટી જ હોવી જોઇએ...**

ભારતમાં સાત નેશનલ પાર્ટી છે જે પૈકી કોંગ્રેસ સૌથી જૂની પાર્ટી છે. કોંગ્રસનો ઉદય ૧૯૮૫માં થયો હતો જ્યારે બીજા નંબરની મોટી પાર્ટી ભાજપ છે જેનો ઉદય ૧૯૮૦માં થયો હતો. દેશમાં ૪૯ સ્ટેટ રેકગ્નાઈઝ્ડ પાર્ટીઓ છે જ્યારે અન-રેકગ્નાઈઝ્ડની સંખ્યા ૨૭ છે. એ ઉપરાંત દેશમાં ૩૨૯ રેકગ્નાઈઝ્ડ અને ૨૦૪૪ અન-રેકગ્નાઈઝ્ડ પાર્ટી છે. લોકશાહી દેશમાં પાર્ટીઓની સંખ્યા પર પ્રતિબંધ કે નિયંત્રણો મૂકી શકાતા નથી પરંતુ કેટલાક રાજકીય તજજ્ઞોનું કહેવું છે કે- ૧૨૫ કરોડની જનસંખ્યા ધરાવતા ભારત દેશમાં ચૂંટણીના સમયે માત્ર બે જ પાર્ટીઓ હોવી જોઈએ. લોકોનો સાચુ ચિત્ર તો જ મળશે કે જ્યારે બન્ને બળિયા વચ્ચે બરોબરની ટક્કર રહેશે. દેશના કેટલાક રાજ્યોમાં જોવામાં આવ્યું છે કે મતદારોએ માત્ર ભાજપ કે માત્ર કોંગ્રેસને જ પસંદ કરી છે. ત્રીજી પાર્ટીને યારી મળી નથી. ત્રીજી પાર્ટીના અસ્તિત્વથી ખરીદ-વેચાણની પ્રવૃત્તિને વધારે વેગ મળે છે અને રાજકીય અસ્થિરતા સર્જાય છે. ત્રિશંકુ હાલતમાં પાર્ટીઓના નેતાઓ બળ અને સંપત્તિના જોરે સત્તા હાંસલ કરે છે. હવે એવો સમય આવ્યો છે કે ભારતમાં યોજનારી ચૂંટણીઓમાં પ્રતિસ્પર્ધી તરીકે માત્ર બે જ પાર્ટીઓ મેદાનમાં ઉતરે. આમ થવાથી ચૂંટણી પરિણામ એકદમ સાફ અને પ્રામાણિક આવશે, જો કે આ બન્ને પાર્ટીઓએ તેમની વિચારધારાને આગળ ધરી ફેસલો દેશના મતદારો ઉપર છોડી દેવો જોઈએ.

**સ્ટાર્ટઅપ કેવી રીતે સફળ થાય તેની ચાવી...**

ભારતમાં દર વર્ષે એવરેજ ૮૦૦ સ્ટાર્ટઅપ કંપનીઓ સ્થપાઇ રહી છે પરંતુ ઈનોવેશનના અભાવે મોટાભાગના સ્ટાર્ટઅપ ફેઈલ થઈ જાય છે. છેલ્લા બે વર્ષમાં ભારતમાં ૧૫૦૦ થી વધુ સ્ટાર્ટઅપ શરૂ થઈને બંધ થઈ ગયા છે. કેન્દ્રની મોદી સરકારનો દાવો છે કે ૨૦૨૦ સુધીમાં ભારતમાં ૧૧૫૦૦ સ્ટાર્ટઅપ બિઝનેશ શરૂ થયા હશે અને તેમાં ૨,૫૦૦,૦૦ ને નોકરી મળી હશે. હાલ તો સ્ટાર્ટઅપની કંપનીઓ ૫૦૦૦ સુધી પણ પહોંચી શકી નથી. નિષ્ણાંતો કહે છે કે ઈનોવેશન નહીં હોય તો સ્ટાર્ટઅપ બિઝનેશ ચાલી શકશે નહીં. મોદી સરકારના કેબિનેટ મંત્રી સુરેશ પ્રભુએ ગુજરાતમાં આવીને બહું સારી વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે- "જો કોઈ સ્ટાર્ટ અપને સફળ બનાવવું હોય તો બજારમાં ગેપ(અવકાશ) ક્યા છે તે શોધવું જોઈએ અને તેની આસપાસ વેપાર મોડલ તૈયાર કરવું જોઈએ." તેમણે કહ્યું છે કે શરૂ થનારા દરેક સ્ટાર્ટ અપ ટકી ન શકે. પરંતુ બજારની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને, જે ક્ષેત્ર હજુ વણખેડાયેલું હોય, એવા ક્ષેત્રમાં સ્ટાર્ટ અપ સફળ થવાની સંભાવના વધી જાય છે. અંતઃપ્રેરણા (હૈંહ) એ જીવનની અત્યંત મહત્વની બાબત છે. પોતાની અંતઃકરણથી આવતા વિચારો પર વિશ્વાસ ન કરે એ વ્યક્તિ સફળ થઈ શકતો નથી. આ માટે યુવાન ઉદ્યોગ સાહસિકોને તેમણે સલાહ આપી હતી કે તમારી આંખો ખુલ્લી રાખો, બરાબર વિચારો અને બજારમાં રહેલા એ ગેપને શોધી કાઢો તથા એ ગેપને પૂરો કરવા માટે વેપાર મોડલ તૈયાર કરો.

**ગુજરાતનો માર્ગ પ્રગતિશીલ કહેવાય ખરો...**

સચિવાલયની સ્થિતિ જોતાં એવું લાગી રહ્યું છે કે રૂપાણી સરકાર ફાસ્ટટ્રેક મોડમાં નથી. મોદી સરકારની અધુરી યોજનાઓ હજી લંબાતી જાય છે. સરકારે બજેટમાં નવી યોજનાઓમાં મોટો કાપ મૂક્યો છે. વિભાગોના બજેટને કાપી નાંખવામાં આવ્યા છે. કેટલીક યોજનાઓના ચોક્કસ પરિણામ આવતા નથી જેમ કે મોદીના ડ્રીમ પ્રોજેક્ટ કલ્પસર યોજનામાં કોઇ ખાસ પ્રગતિ નથી. બાર શહેરોને સિસ્ટર સિટી બનાવવાના કન્સેપ્ટ પર હજી નક્કર કામગીરી થઈ નથી. તાલુકા સરકારમાં લોકોનો અવાજ દબાઈ ગયો છે. રાઈટ ટુ ઈન્ફર્મેશન અને રાઈટ ટુ એજ્યુકેશન માત્ર કાગળ પરના વાઘ સાબિત થયા છે. ટુરિઝમની મિલકતોના નિકાલ માટે ૧૨ વર્ષમાં દસ પ્રયાસો થયા છે પણ તેમાં નિષ્ફળતા મળી છે. પોલીસ અને જનતા મિત્ર બની શક્યા નથી. કર્મયોગી તાલીમનો હવે અર્થ રહ્યો નથી. આપણે માત્ર સોલાર મિશનની વાતો કરી છે અને તેનો લાભ બીજા રાજ્યો લઈ ગયા છે. વિભાગોના ભ્રષ્ટાચારમાં નિયંત્રણો આવ્યા નથી. ગુજરાતમાં આજેપણ ભેળસેળ યુક્ત ખોરાક મળે છે. કિસાનોને એમએસપી મળતી નથી. યુવાનોને રોજગારી નસીબ નથી. SEZ અને SIRમાં કાર્યવાહી સ્થગિત છે. ગુજરાતની જનતા ૭૦ રૂપિયે લિટર પેટ્રોલ મેળવે છે. ડિજીટલ યુગ અને કેશલેસ વહીવટ ચાલતો નથી. નરેન્દ્ર મોદીના દિલ્હી ગયા પછી જ્યોતિગ્રામની વીજળી રિસાઈ છે. અમદાવાદની મેટ્રો ટ્રેન ૧૬ વર્ષથી ડચકાં ખાય છે. આખા રાજ્યમાં પીવાના ચોખ્ખા પાણીની સુવિધા આપણે કરી શક્યા નથી. સ્કૂલ-કોલેજોની ફી એટલી બધી વધી છે કે કમાનાર વ્યક્તિનો ૭૦ ટકા પગાર બાળકોના અભ્યાસમાં જતો રહે છે, આમ છતાં કહેવાય છે પ્રગતિશીલ ગુજરાત...

**ખેડૂતો દેવાંમાં હશે તો આપણે સુખી નહીં થઇએ...**

ભારતમાં કોઈને કોઈ રાજ્યના ખેડૂતો આંદોલનો કરે છે છતાં તેઓ સફળ થતાં નથી, કેમ કે તેમને ઉદ્યોગ પ્રતિનિધિઓની જેમ સરકારી ઓફિસરને લાંચ આપતા આવડતી નથી. દેશમાં ભાજપ હોય કે કોંગ્રેસ-- તમામ પાર્ટીઓ ખેડૂતોના હિતના વાયદા કરે છે પરંતુ કામ તો ઉદ્યોગોનું જ કરે છે. સર્વેક્ષણ પ્રમાણે એક ઉદ્યોગજૂથનો વ્યક્તિ આત્મહત્યા કરતો નથી પરંતુ ખેડૂતો આત્મહત્યા કરે છે. આ રીતે જીવનને હોમી દેવાનું મુખ્ય કારણ ક્રોપ ફેઈલ અને ખેડૂતોના વધતાં જતાં દેવાં છે. એક સર્વે પ્રમાણે આંધ્રપ્રદેશના સૌથી વધુ ૯૨.૯ ટકા ખેડૂતો દેવાદાર છે જ્યારે તેલંગાણાના ૮૯.૧ ટકા ખેડૂતોએ લોન લઈને દેવાં કર્યા છે. પંજાબમાં આ આંકડો ૫૩.૨ ટકા છે. સૌથી ઓછું દેવું કર્યુ હોય તેવા માત્ર ૨.૪ ટકા ખેડૂતો મેઘાલયના છે. ગુજરાતના ૪૨.૬ ટકા ખેડૂતોએ બેન્ક લોન લઈને દેવાં કર્યા છે. ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળતા નથી. સ્વામિનાથન સમિતિની ભલામણો હોવા છતાં ખેડૂતોને સરકાર વળતર આપી શકતી નથી. દેશના અન્ય રાજ્યોમાં જોઈએ તો કેરળમાં ૭૭.૭ ટકા, કર્ણાટકમાં ૭૭.૩ ટકા, ઓડિસામાં ૫૭.૫ ટકા, રાજસ્થાનમાં ૬૧.૮ ટકા, ઉત્તરપ્રદેશમાં ૫૦.૮ ટકા, મધ્યપ્રદેશમાં ૪૩.૮ ટકા, બિહારમાં ૪૨.૫ ટકા, બંગાળમાં ૫૧.૫ ટકા, હરિયાણામાં ૪૨.૩ ટકા, છત્તીસગઢમાં ૩૭.૨ ટકા તેમજ ઝારખંડમાં ૨૮.૯ ટકા ખેડૂતો દેવાદાર છે.મણિપુર જેવા નાના રાજ્યમાં પણ ૨૩.૯ ટકા, ત્રિપુરામાં ૨૨.૯ ટકા, અરૂણાચલમાં ૧૯.૧ ટકા, સિક્કીમમાં ૧૪.૪ ટકા, નાગાલેન્ડમાં ૨.૫ ટકા અને મિઝોરમમાં ૬.૨ ટકા ખેડૂતો દેવાદાર છે. ખેડૂતો દુખી હશે તો આપણે સુખી કદી નહીં થઈ શકીએ.